# રાજ્યસભાની મતગણતરીનું કોકડું ગૂંચવાયું





**૨૩ વર્ષ બાદ રાજ્યસભાની ચૂંટણીમાં ભારે રસાકસી : રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપે ગણિત માંડ્યું તેમાં ત્રણેય ઉમેદવાર વિજેતા બને છે, કોંગ્રેસને પણ અહેમદ પટેલની જીતનો વિશ્વાસ**

ગાંધીનગર,તા.૮ રાજ્યસભાની ત્રણ બેઠકની ચૂંટણી માટે દિવસ દરમિયાન હાઈવોલ્ટેજ ડ્રામા જોવા મળ્યા બાદ હવે ક્લાઈમેક્સ એટલે કે પરિણામને લઈને પણ સસ્પેન્સ યથાવત્ છે. કોંગ્રેસના બે બાગી ધારાસભ્યો રાઘવજી પટેલ અને ભોળાભાઈ ગોહેલના મત કોંગ્રેસના સત્તાવાર એજન્ટ શક્તિસિંહ ગોહિલ તેમજ ભાજપના નિરીક્ષકને પણ બતાવ્યા હોવાથી તેમના મત રદ કરવા કોંગ્રેસે માગ કરી હતી. કોંગ્રેસે આ અંગેની ફરિયાદ કરી હોવાથી ચૂંટણી અધિકારીએ ચૂંટણી પંચ સમક્ષ માર્ગદર્શન માંગતા મતગણતરી અટવાઈ પડી હતી.

કોંગ્રેસની ફરિયાદ અંગે નિર્ણય કરવા ચૂંટણી પંચે દિલ્હીમાં બેઠક શરૂ કરી હોવાથી મતગણતરી અટવાઈ પડી હતી. પંચના નિર્ણય બાદ મતગણતરી પુનઃ શરૂ થશે. દિવસ દરમિયાન બન્ને પક્ષ ભાજપ અને કોંગ્રેસ દ્વારા રાજ્યસભામાં વિજય મેળવવા કાવાદાવા કરવામાં આવ્યા હતા. કોંગ્રેસમાંથી ક્રોસ વોટિંગ થતા ભાજપના ત્રણેય ઉમેદવારો વિજય બનવાની શક્યતા મજબૂત બની ગઈ હતી જો કે એહમદ પટેલને કોંગ્રેસના ૪૩ ધારાસભ્યો ઉપરાંત એનસીપીના જયંત બોસ્કી તેમજ જેડીયૂના છોટુભાઈ વસાવાએ મત આપ્યા હોવાની દિવસ દરમિયાન ચર્ચા જોવા મળી હતી. રાજ્યસભાની ચૂંટણી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ચાણક્ય ગણાતા અમિત શાહ તેમજ કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર એહમદ પટેલ માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહી છે.

રાજ્યસભાના પરિણામો હવે ટૂંક સમયમાં જાહેર થશે જેને પગલે છેલ્લા એક માસથી વધુ સમયથી ચાલી રહેલા રાજકીય ડ્રામા પર પડદો પડી જશે. રાજ્યસભા ચૂંટણી ઓબઝર્વર બી .બી. સ્વૈનએ કોંગ્રેસે ઉઠાવેલા વાંધા અંગે વિડીયો રેકોર્ડીંગનો લીધો સહારો- દ્રઝઁએ જણાવ્યું હતું કે, ભાજપને મત આપનાર તેમના ધારાસભ્ય કાંધલ જાડેજા સામે પગલાં લેવાશે. જ્યારે ગઈકાલે રાતે પ્રફુલ પટેલે ભાજપને મત આપવા સૂચના આપી હોવાનું કાંધલ જાડેજાએ જણાવ્યું હતું. બલવંતસિંહ રાજપૂત જીતે તો શંકરસિંહ વાઘેલા ભાજપ કાર્યલય કમલમ જાય તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યાં છે. મત ગણતરી પહેલાં કોંગ્રેસના નેતા શક્તિસિંહે વાંધો ઉઠાવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, ધારાસભ્યો પોતોનો મત પોલિંગ એજન્ટ સિવાય કોઈને બતાવી ન શકે. ભાજપને મત આપનાર કોંગ્રેસના બે ધારાસભ્યોએ પોતાનો મત અમિત શાહને બતાવ્યો હતો. આ મામલે તેઓ સુપ્રિમ કોર્ટ સુધી લડી લેવા તૈયાર છે.

રાજ્ય સભાની ચૂંટણીનું મતદાન પૂરું થતાં ભાજપે માંડેલા ગણિત પ્રમાણે ત્રણેય બેઠકો ભાજપને મળ્યા બાદ પણ ૯૭ મત વધારાના મળશે. પરંતુ રાજ્યસભાની ચૂંટણીમાં થયેલા મતદાનના આંકડા જોતા ભાજપમાં

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપના ચાણક્ય અમિત શાહની એન્ટ્રી રાજ્યસભામાં વજન વધારશે

ગાંધીનગર,તા.૮

ગુજરાતમાં ત્રણ અન પશ્ચિમ બંગાળમાં ૬ સીટો માટે રાજ્યસભા ચૂંટણી થઈ રહી છે. ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ ગુજરાતમાંથી ચૂંટણી લડી રહ્યાં છે. રાજ્યસભામાં અમિત શાહની એન્ટ્રી ભાજપાના હાલના સાંસદોનું વજન વધુ વધારનાર સાબિત થશે.

અમિત શાહ સાંસદ પદ માટે પહેલી વખત ચૂંટણી લડી રહ્યાં છે. પાંચ વખત ધારાસભ્ય રહી ચૂકેલા અમિત શાહ ૨૦૧૪ લોકસભા ચૂંટણીઓ બાદથી ભાજપાને સતત મળી રહેલ સફળતાના સૂત્રધાર છે. ૨૦૧૪ની ચૂંટણીઓમાં ભાજપાને પૂર્ણ બહુમતી મળ્યા બાદ પીએમ મોદીએ પણ અમિત શાહને 'મેન ઓફ ધ મેચ' કહ્યું હતું. જો કે અમિત શાહે સ્પષ્ટતા કરી દીધી કે રાજ્યસભા સાંસદ બનવા છતાંય તેઓ કેન્દ્રીય કેબિનેટમાં સામેલ થશે નહીં.

પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે સંસદમાં શાહની હાજરી પાર્ટી સાંસદોનું મનોબળ વધારશે. છેલ્લાં કેટલાંક દિવસોમાં ભાજપા પહેલી વખત રાજ્યસભામાં સંખ્યાબળની દ્રષ્ટિથી સૌથી મોટી પાર્ટી બની છે. રાજ્યસભામાં ભાજપાના સાંસદોની સંખ્યા ઓછી હોવાના લીધે મોટાભાગે વિપક્ષ હાવી થતી જોવા મળી રહી છે. થોડાંક દિવસ પહેલાં વિપક્ષ નેશનલ કમિશન ફોર બેકવર્ડ ક્લાસીસ બિલમાં સંશોધન કરાવા અને મોટર વ્હિકલ એક્ટ બિલમાં સંશોધન માટે તેને પસંદગીની સમિતિ પાસે મોકલવામાં સફળતા મળી હતી.

રાજ્યસભામાં સાંસદોની અનુપસ્થિતિ ભાજપા માટે એક મોટો મુદ્દો છે. તેના લીધે વિપક્ષને પછાત વર્ગ સાથે જોડાયેલ બિલમાં સંશોધન

● અનુસંધાન પાન-૭ પર

## મત નહીં બગડે તે માટે એહમદ પટેલને મત ન આપ્યો : શંકરસિંહ

અમદાવાદ,તા. ૮

રાજયસભાની ચૂંટણીમાં ભારે હાઈવોલ્ટેજ થ્રીલર અને ડ્રામા જેવા યોજાયેલા મતદાન વચ્ચે આજે વહેલી સવારે જ કોંગ્રેસપક્ષમાંથી છેડો ફાડનાર વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલાએ ચોંકાવનારો ધડાકો કર્યો હતો કે, તેમણે તેમના ખાસ એવા એહમદભાઈ પટલેને મત નથી આપ્યો. બાપુના આ શબ્દો સાંભળતાં જ સૌકોઈ અવાચક થઈ ગયા હતા. બાપુએ ઉમેર્યું હતું કે, કોંગ્રેસ જીતવાની જ ન હતી અને તેથી મારો મત બગાડીને કોઈ અર્થ ન હતો અને તેથી મેં મારા અઝીઝ એવા એહમદભાઈને મારો મત આપ્યો નથી. જેનો મને અફસોસ પણ છે.

શંકરસિંહ વાઘેલાના આ ધડાકા બાદ રાજયસભાની ત્રણ બેઠકોનું મતદાન જયાં ચાલી રહ્યું હતું તે સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે જબરદસ્ત ચકચાર મચી ગઈ હતી. વાઘેલાએ વોટીંગ કર્યા બાદ બહાર નીકળ્યા બાદ તરત જ પત્રકારોને સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, મેં કોંગ્રેસ પક્ષ (હાઈકમાન્ડ)ને પહેલેથી જ કહેતો હતો અને સમજાવતો હતો કે, ધારાસભ્યો જઈ રહ્યા છે, તેઓને રોકો રોકો પરંતુ પક્ષે મારી વાત સમજી નહી અને ગંભીરતાથી લીધી નહી. આખરે મેં તા. ૨૧ જૂલાઈ, ૨૦૧૭એ કોંગ્રેસપક્ષને અલવિદા કરી તો પક્ષે પણ આજે મને મુકત કર્યો અને મને કહ્યું હતું કે, તમે મુકત છો, તમારે જે કરવું હોય તે કરો..તેથી મેં મારો મત એહમદ પટેલને આપ્યો નથી.

● અનુસંધાન પાન-૭ પર

## નલીન કોટડિયાની પણ છેલ્લી ઘડીએ જ ગુંલાટ

ગાંધીનગર,તા. ૮

ગુજરાત પરિવર્તન પાર્ટીના ધારાસભ્ય નલીન કોટડિયાએ પણ આજે રાજયસભાની ચૂંટણી ટાણે વોટીંગમાં છેલ્લી ઘડીયે ગુલાંટ મારી દીધી હતી. નલીન કોટડિયાએ અત્યાર સુધી ભાજપની વિરૂધ્ધમાં નિવેદનો કરી એવો માહોલ જાણે ઉભો કર્યો હતો કે, તે ભાજપની વિરૂધ્ધમાં છે અને કદાચ કોંગ્રેસને તેમનો મત આપી મદદ કરી શકે. પરંતુ આજે સૌના આશ્ચર્ય વચ્ચે નલીન કોટડિયાએ ભાજપને મત આપી જણાવ્યું હતું કે, ગુજરાતના પાટીદારોના હિતમાં અને જે ૧૪ પાટીદારો શહીદ થયા હતા તેઓના આત્માનો અવાજ સાંભળીને મેં ભાજપને મત આપ્યો છે.

## દેશના હિતમાં વોટીંગ કર્યુ છે : છોટુ વસાવા

અમદાવાદ, તા.૮

જેડીયુના ધારાસભ્ય છોટુ વસાવાનો મત બહુ મહત્વનો અને ગેમ ચેન્જર હતો. છોટુ વસાવાએ મતદાન કર્યા બાદ તેમણે કોને મતદાન કર્યું તે ફોડ પાડયો ન હતો પરંતુ એટલું કહ્યું હતું કે, તેમણે દેશના હિતમાં વોટીંગ કર્યું છે. સાંજે જેડીયુના કે.સી.ત્યાગીએ સ્પષ્ટ કર્યું હતું કે, જેડીયુનો મત ભાજપને મળ્યો છે. નીતિશકુમારે ભાજપની તરફેણમાં મત માટે નિર્દેશ આપ્યો હતો.

## ગાંધીનગરથી રાજકોટ રૂટની વોલ્વો બસ સેવા આજથી શરૂ થશે

**સવારે અને સાંજે ૬:૩૦ તેમજ બપોરે ૧:૩૦ કલાકે વોલ્વો બસ દોડશે : વાયા સરખેજ લીંબડી અને ચોટીલા થઇને વોલ્વો દોડશે : ટીકીટનો દર રૂ ૪૪૮**

ગાંધીનગર તા ૮

ગાંધીનગર થી રાજકોટ જતા મુસાફરોને હવે વોલ્વો બસ સેવાનો લાભ મળશે. ગાંધીનગર ડેપોથી રાજકોટ રૂટ માટે ખાસ વોલ્વો બસ સેવા આજથી શરૂ થશે. દિવસમાં ત્રણ વોલ્વો બસ રાજકોટ રૂટમાં દોડાવાશે. વહેલી સવારે ૬ : ૩૦ કલાકે રાજકોટ માટે વોલ્વો બસની સેવા ઉપલબ્ધ થશે. ગાંધીનગર ડેપોથી આજે સવારે પ્રથમ વોલ્વો દોડાવાશે. ગાંધીનગરથી રાજકોટ જતા મુસાફરોને રાહત થશે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં રહેણાંકને લાયક ન હોય તેવા ૩૦૦ મકાનો તોડી નાંખવામાં આવશે

**સે-૨૨ , સે-૧૬ અને સે-૬ માં જોખમી આવાસો તોડવા મંજુરી આપી દેવાઇ : ટુંકમાં આવાસો તોડી નાંખવામાં આવશે**

ગાંધીનગર તા ૮

શહેરના સેકટરોમાં સ્થિત સરકારી આવાસો જોખમી અને ખંડેર હાલતમાં છે. જયારે નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ પણ સેકટરોમાં ભયજનક આવાસોની સંખ્યા વિશેષ છે. ત્યારે તંત્ર દ્વારા હાથ ધરાયેલ સર્વેના અંતે સેકટરોમાં અંદાજિત ૩૦૦ જેટલા મકાનો જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે આ મકાનો તોડી નાંખવા માટે તંત્રએ વિભાગ કક્ષાએ મંજુરી મેળવવા માટે દરખાસ્ત પણ કરી છે. જો કે આ પૈકી સે-૨૨ ,સે-૧૬ અને સે-૬ માં જ અને છ કક્ષાના આવાસો તોડવા માટે મંજુરી આપી દેવાઈ છે.

શહેરમાં દાયકા અગાઉ જાહેર કરાયેલા નિકાલ હેઠળના ૧૯૦૪ જેટલા મકાનોનો કડુસલો બોલાવી દેવાયા બાદ સમય જતા હાલ જોખમી મકાનોની સંખ્યા વિશેષ છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના આવાસો જોખમી હાલતમાં છે. જેના લીધે તંત્ર દ્વારા તબક્કાવાર મંજુરી મેળવી જોખમી મકાનો તોડવા માટે કામ હાથ ધરવામાં આવે છે. અગાઉ સે-૬ અને સે-૧૩ માં પણ અન્ય બ્લોક તોડી નાંખવામાં આવ્યા હતા. જયારે હાલ પણ મંજુરીના અંતે જોખમી સરકારી આવાસો તોડવાનુ કામ ચાલી રહયુ છે. જુના અને જોખમી સરકારી આવાસોના સ્થાને કોર્પોરેટ લુક

● અનુસંધાન પાન-૭ પર











**વેચવાનું છે.**

ઓફિસનો એ.સી.ના ઈન્ડોર, આઉટડોર, ઈલેક્ટ્રીક વસ્તુઓ તથા પરચુરણ વસ્તુઓ વેચવાની છે. રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી બંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે. ઈન્સપેક્શન તારીખ ૧૧-૮-૨૦૧૭ બપોરે ૩:૦૦ થી ૫:૦૦ દરમ્યાન કરી શકાશે.

મેનેજીંગ ડિરેક્ટર
ગુજરાત ઈન્ફર્મેટીક્સ લિમિટેડ
બ્લોક નં. ૧, ૮મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.










ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૦૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com